પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૬ | ૨૭ ઓગસ્ટ, ૨૦૧૯, મંગળવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સેન્સેક્સમાં ૭૯૩ અંકનો વિક્રમી ઉછાળો

**બુસ્ટર ડોઝની સીધી અસર વચ્ચે શેરબજારમાં સર્વાંગી તેજી રહી : બેંકિંગ, એનડીએફસી, રિયાલીટીના શેરમાં જામેલી જોરદાર લેવાલી : સુસ્તીને દૂર કરવા નાણાપ્રધાન સીતારામનની ઘોષણા બાદ કારોબારી ભારે ખુશખુશાલ : સેન્સેક્સ ૭૯૩ અંકના વધારા સાથે ૩૭૪૯૪ની સપાટીએ તો નિફ્ટી ૨૨૮ અંકના ઉછાળા સાથે ૧૧૦૫૭ની સપાટીએ બંધ**



મુંબઈ, તા.૨૬

નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા બેંકિંગ, ઓટો મોબાઈલ અને એનબીએફસી સેક્ટર માટે મંદીને દૂર કરવા માટે શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરવામાં આવ્યા બાદ તથા એફપીઆઈ ઉપર વધારવામાં આવેલા સરચાર્જને પરત લેવાના નિર્ણય બાદ ધારણા પ્રમાણે જ આજે શેરબજારમાં જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. શેરબજારમાં બમ્પર તેજીના પરિણામ સ્વરુપે કારોબારમાં તેજી જામી હતી. શેરબજારમાં આજે તેજી માટે વૈશ્વિક પરિબળો પણ જવાબદાર રહ્યા હતા. શેરબજારમાં બુસ્ટર ડોઝની અસર આજે જોવા મળી હતી. ચીનની સાથે વેપાર મંત્રણા પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી પણ બજારમાં તેજી જોવા મળી રહી છે. ક્રૂડની કિંમતોમાં ઘટાડાથી પણ મૂડીરોકાણકારોની ધારણા મજબૂત બની છે. બીએસઈમાં ૩૦ કંપનીઓના શેર પર આધારિત સેંસેક્સ ૭૯૩ પોઈન્ટ ઉછળીને ૩૭૪૯૪ની સપાટી ઉપર આજે બંધ રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## સોનાનો ભાવ ૪૦૦૦૦

### ચાંદીનો ભાવ ૪૬૦૦૦થી પણ ઉપર પહોંચ્યો

મુંબઈ, તા. ૨૬

મજબૂત વિદેશી સંકેતો અને સ્થાનિક વાયદામાં તેજીના પરિણામ સ્વરુપે આજે સોમવારના દિવસે દેશમાં બુલિયન માર્કેટમાં જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. સોનાની કિંમત ૪૦૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી ગઈ હતી જ્યારે ચાંદીનો ભાવ ૪૬૦૦૦ સુધી પહોંચી ગયો હતો. દેશના આર્થિક પાટનગર ગણાતા મુંબઈ, જયપુર અને અમદાવાદમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૪૦૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (૩ ટકા જીએસટી સાથે) પહોંચી ગયા હતા.



અમદાવાદને સોનાના સૌથી મોટા બજાર પૈકી એક તરીકે ગણવામાં આવે છે. સોનામાં હાજર ભાવમાં એક હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી વધુનો ઉછાળો નોંધાયો હતો. ચાંદીમાં પણ ૧૦૦૦ પ્રતિકિલોથી વધુનો ઉછાળો નોંધાયો હતો. વાયદા બજારમાં પણ રેકોર્ડ ઉછાળો જોવા મળ્યો હતો. અમદાવાદમાં ૨૪ કેરેટ અને ૨૨ કેરેટ સોનાના ભાવ ક્રમશઃ ૪૦૦૦૦ રૂપિયા અને ૩૯૮૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયા હતા જ્યારે ચાંદી ૪૬૪૦૦ રૂપિયા પ્રતિકિલોગ્રામ થઈ ગઈ હતી. વાયદા બજાર એમસીએક્સ ઉપર સોનાના ભાવમાં આજે નવો ઉછાળો રહેતા સપાટી ૩૯૩૪૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ રહી હતી. ચાંદીના સપ્ટેમ્બર વાયદામાં ૨૫૨ રૂપિયાનો ઉછાળો નોંધાતા તેની કિંમત ૪૪૮૫૪ રૂપિયા રહી હતી. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના અધિકારીઓના કહેવા મુજબ ઉંચા ભાવ પર મોંઘી ચીજવસ્તુઓની માંગમાં નરમી યથાવત જોવા મળી રહી છે.

સોના અને ચાંદીના આગામી ભાવ અંગે પુછવામાં આવતા જાણકાર નિષ્ણાતોનું કહેવું છે ેક, હાલમાં સોના અને ચાંદીના ભાવમાં કોઈપણ પ્રકારના ફેન્ડામેન્ટલ અથવા તો એનાલિસીસ અથવા તો ચાર્ટથી ચાલુ રહ્યા છે. ટ્રમ્પના નિવેદનથી પણ કોઈ અસર થઈ રહી નથી જેથી સોનાના ભાવમાં ક્યારે વધારો થશે અને ક્યારે ઘટાડો થશે તે અંગે કોઈ વાત કરવી મુશ્કેલ છે પરંતુ હાલમાં આવેલી તેજીથી સ્થાનિક માંગમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો નોંધાઈ ગયો છે.

## દેશના વિવિધ ભાગોમાં આતંકી હુમલાનો ખતરો

**કર્ણાટક, તમિળનાડુ, ગુજરાત, મહારાષ્ટ્ર, યુપી પર ખતરો વધુ : જુદા જુદા રાજ્યોમાં ધાર્મિક સ્થળો, તમામ ભરચક રહેતા વિસ્તાર પર સુરક્ષા મજબૂત : શકમંદો ઉપર નજર : સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ-કોમ્બિંગ**

નવી દિલ્હી,તા.૨૬

દેશના જુદા જુદા ભાગોમાં ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે ત્યારે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાં ત્રાસવાદીઓ ઘુસ્યા હોવાના હેવાલ હાલમાં આવ્યા છે જેથી તમામ શકમંદ ગતિવિધી પર ચાંપતી નજર રાખવામાં આવી છે. ગુપ્ત સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. પેટ્રોલિંગ અને કોમ્બિંગની પ્રક્રિયાને તીવ્ર કરી દેવામાં આવી છે. કર્ણાટક, તમિળનાડુ દિલ્હી અને ઉત્તરપ્રદેશ તેમજ ગુજરાતમાં હુમલાનો ખતરો રહેલો છે જેથી સુરક્ષા દળો દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તમામ મોટા ધાર્મિક સ્થળો, મોટા શોપિંગ મોલ, સિનેમા હોલ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને અન્યત્ર સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. જમ્મુકાશ્મીરમાં ચોક્કસ વિસ્તારમાં મોટા હુમલા કરવાની યોજના ત્રાસવાદીઓ બનાવી રહ્યા છે. સેના અને સુરક્ષા દળોના કઠોર વલણના કારણે ત્રાસવાદીઓ હાલના સમયમાં તેમની હાજરી

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**ચિદમ્બરમના રીમાન્ડ વધ્યા**

પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમની મુશ્કેલીઓ ઓછી થવાનુ નામ નથી લેતી. દિલ્હી હાઈકોર્ટે પૂર્વ નાણામંત્રીની વચગાળાના જામીનની અરજી ફગાવી દીધી હતી. આ ઉપરાંત સીબીઆઈ કોર્ટે ચિદમ્બરમના રિમાન્ડ વધુ ચાર દિવસ વધારી દીધા છે. હવે ચિદમ્બરમ ૩૦મી ઓગષ્ટ સુધી કસ્ટડીમાં રહેશે.

**ભ્રષ્ટાચાર મામલે ૨૨ અધિકારીઓ સેવા નિવૃત**

ભ્રષ્ટાચાર મામલે મોદી સરકારે કડક વલણ અપનાવ્યુ છે. કેન્દ્રિય અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ (સીબીઆઈસી)ના ૨૨ જેટલા અધિકારીઓને અનિવાર્યપણે સેવાનિવૃત કરવામાં આવ્યા છે. આ તમામ ઉચ્ચ અધિકારીઓ પર ભ્રષ્ટાચાર અને ગંભીર અનિયમિતતાઓનો આરોપ લાગ્યો હતો.

**નોઈડાના મોલમાં આગ**

નોઈડાના સ્પાઈસ મોલમાં આગ લાગતા ભાગદોડ થઈ ગઈ હતી. ફાયરબ્રિગેડે બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈને આગમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.

**ગૌરવ દહિયા-લીનુસિંહની ફરી પુછપરછ કરાશે**

સસ્પેન્ડેડ આઈએએસ અધિકારી ગૌરવ દહિંયા અને લીનુસિંહને સામ સામે બેસાડી મહિલા આયોગ પુનઃ પુછપરછ કરશે. આ મામલે એકબીજા પર દોષારોપણ થતા તથ્યને બહાર લાવવા મહિલા આયોગ પુનઃ પ્રયાસ કરશે.

**૨૮મીએ ચંદ્રયાન-૨ને ચંદ્રની ત્રીજી કક્ષામાં પ્રસ્થાપિત કરાશે**

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)એ ૨૧ ઓગષ્ટે ચંદ્રયાન-૨ને ચંદ્રની બીજી કક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ કરાવી દીધો હતો. ૨૮ ઓગષ્ટે ચંદ્રયાન-૨ને ચંદ્રની ત્રીજી કક્ષામાં પ્રવેશ કરાવવામાં આવશે. ચંદ્રયાન-૨ને ચંદ્રની ત્રીજી કક્ષામાં સવારે ૫.૩૦થી ૬.૩૦ વાગ્યાની વચ્ચે પ્રવેશ કરાવવામાં આવશે.

## કાશ્મીર દ્વિપક્ષીય મામલો છે જેથી કોઈપણ તકલીફ ન ઉઠાવે : મોદી




બિઆરિત્જ, તા. ૨૬

કાશ્મીર પર અમેરિકા પાસેથી મધ્યસ્થીની આશા રાખી રહેલા પાકિસ્તાનને મરણતોળ ફટકો પડ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોરદાર ફટકો પાકિસ્તાનને ફરી એકવાર આપી દીધો છે. આજે ફ્રાંસમાં જી-૭ સમિટના ભાગરુપે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા ત્યારે તેઓએ મિડિયાની સામે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાનના તમામ મુદ્દા દ્વિપક્ષીય છે જેથી દુનિયાના કોઈપણ દેશને અમે આના માટે તક આપવા માટે ઈચ્છુક નથી. મોદીએ કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન જે ૧૯૪૭થી પહેલા એક જ હતા તે મળીને પોતાની સમસ્યાઓ ઉપર ચર્ચા કરીને ઉકેલ લાવી શકે છે. પાકિસ્તાનના કાશ્મીર મુદ્દાને ઉઠાવવા અને મધ્યસ્થીની રજૂઆત કરી ચુકેલા પાકિસ્તાનને મોટો ફટકો પડી ગયો છે. આજે મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાનનો દ્વિપક્ષીય મામલો કાશ્મીર મામલો છે. આમા કોઈ દેશ પરેશાની ઉઠાવે તે અમે ઈચ્છતા નથી. બીજી બાજુ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ

**મોદી અને ટ્રમ્પ વચ્ચે વિવિધ મુદ્દા પર ચર્ચા : કાશ્મીર અંગે અમેરિકા પાસે મધ્યસ્થી આશા રાખી રહેલા પાકિસ્તાનને ટ્રમ્પના યુટર્નથી ફરી વખત મોટો ફટકો**

● અનુસંધાન પાન-૭ પર

## મનમોહનસિંહની એસપીજી સુરક્ષા અંતે પાછી ખેંચાઈ

**ઝેડ પ્લસની સુરક્ષા યથાવત જારી રહેશે : સુરક્ષાને લઇ નિર્ણય પૂર્ણરીતે પ્રોફેશનલ આધારે કરવામાં આવ્યો છે : મોદી સરકાર દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા**



નવી દિલ્હી,તા. ૨૬

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની એસપીજી સુરક્ષાને દુર કરવામાં આવી છે. હવે તેમને માત્ર ઝેડ પ્લસની સુરક્ષા આપવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે સુરક્ષાને લઈને કરવામાં આવેલો નિર્ણય પૂર્ણ રીતે પ્રોફેશનલ આધાર પર કરવામાં આવ્યો છે. મંત્રાલયના અધિકારીઓનુ કહેવુ છે કે નિર્ધારિત સમય બાદ સુરક્ષા વ્યવસ્થાની ફરી સમીક્ષા કરવામાં આવનાર છે. આ સામાન્ય પ્રક્રિયાના ભાગરૂપે છે. આના હેઠળ જ સુરક્ષા વધારી દેવા અથવા તો ઘટાડી દેવા માટે નિર્ણય કરવામાં આવે છે. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે મનમોહનસિંહને ઝેડ પ્લસ સુરક્ષા મળતી રહેશે. વર્તમાન સુરક્ષા કવર રિવ્યુ નક્કી કરવામાં આવેલા સમયમાં થનાર નિયમિત વ્યવસ્થાના ભાગરૂપે છે. સુરક્ષા સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા રિવ્યુ અને ખતરાને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવનાર છે. પૂર્વ વડાપ્રધાન સિંહને ઝેડ સિક્યુરિટી મળતી રહેશે. એસપીજી સુરક્ષા હવે માત્ર ચાર લોકોની પાસે છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી તેમજ પ્રિયંકા વાઢેરાનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ખતરાની શંકાને ધ્યાનમાં લઈને વડાપ્રધાનના પરિવારના સભ્યોને પણ એસપીજી સુરક્ષા આપવાની જોગવાઈ રહેલી છે.

## દેશના વિવિધ ભાગોમાં હજુ પુરતાંડવ

નવી દિલ્હી, તા. ૨૬

દેશના જુદા જુદા ભાગોમાં મોનસુન અને પુરના કારણે કહેર હજુ સુધી જારી છે. ઉત્તરાખંડના પાંચ જિલ્લાઓ માટે ભારે વરસાદને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં પણ ભારે વરસાદના કારણે માતાટીલા બંધમાંથી ૨૦ ગેટ ખોલી નાંખવાની ફરજ પડી છે. પંજાબના ફિરોજપુરમાં પણ પુર જેવી સ્થિતી પ્રવર્તી રહી છે. હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં હડસર ખાતે પણ જટિલ સ્થિતી સર્જાયેલી છે. બીજી બાજુ જુદા જુદા રાજ્યોમાં પુરના કારણે સ્થિતી ખરાબ થયા બાદ હવે રાહત કામગીરી મોટા પાયે ચાલી રહી છે. તબાહીનો શિકાર થયેલા કેરળને કેન્દ્રની પુરતી સહાયતા પહોંચવામાં હજુ પણ સમય લાગી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે, નુકસાનનું મૂલ્યાંકન કરવામાં સમય લાગી રહ્યો છે. શરૂઆતી ફંડ રિલીઝ કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર તરફથી રકમ જારી કરવાને લઈને કેટલાક નિયમો છે. આને પાળીને રાહતની રકમ જારી કરવામાં આવે છે. ગૃહમંત્રાલયના

● અનુસંધાન પાન-૭ પર







